RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ |અંક: ૮| ફેબ્રુઆરી - ૨૦૨૫ | કિંમત: ૧૦/-



# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."




**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

karmaassociatesbhavinshah@gmail.com

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

kalashassociates87@gmail.com

**Golden opportunity to join our business... 99255 94767**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**
માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**
ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**
પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ફેબ્રુઆરી-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૦૮
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

હું એક ભાઈ સાથે બીઝનેસ કરું છું. છેલ્લા બે વર્ષથી બીઝનેસ સરસ ચાલી રહ્યો હતો. અચાનક નાની વાતના કારણે એક મતભેદ ઊભો થયો. બે વર્ષથી બીઝનેસ ચાલતો હોવા છતાં એ મારી ઓફિસે એક પણ વાર આવ્યા ન હતાં.

મતભેદ થોડો વધ્યો એટલે મારી ઓફિસે મીટીંગ ગોઠવી. મારા ત્રીજા પાર્ટનર પણ ઓફિસમાં ઉપસ્થિત હતા. એ ભાઈ મારી ઓફિસમાં પ્રવેશ્યા અને દિવાલ પર લાગેલો ગુરુજીનો ફોટો જોયો.

એ પગે લાગ્યા અને મને પૂછ્યું કે ‘‘તમે પણ ૐઋષિજીને માનો છો.’’

મેં કહ્યું ‘‘હા, એ મારા ગુરુજી પણ છે અને મારા મોટા ભાઈ પણ છે.’’

તેઓશ્રી ખુરશીમાં બેસી ગયા અને મને કહ્યું ‘‘કિંજલભાઈ, આપણી વચ્ચે કોઈ મતભેદ નથી. પહેલા જેમ બીઝનેસ ચાલતો હતો એમ જ ચાલશે. હું આજે જે કંઈ પણ છું એ ગુરુજીના આશીર્વાદ અને ૐકાર ચાલીસાના પાઠથી જ છું. હું હજી સુધી એમને એક પણ વાર મળ્યો નથી એટલે આપ એમના ભાઈ છો એની મને જાણ ન હતી. મારા જીવનમાં આવા ઘણાં ચમત્કારો ગુરુજીના આશીર્વાદથી થયા છે.’’

આટલું બોલી એ ભાઈ ઊભા થઈ મને ભેટી પડ્યા. આ ઘટના કંઈક અનોખી જ હતી. આજે તંત્રીસ્થાનમાં આ સત્યઘટના લખી ૐકાર ચાલીસાની મહિમા કેટલી અદ્વિતીય અને અદ્ભૂત છે તેનું પ્રમાણ જણાવ્યું છે.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્ર, સાધના, વ્રત આપના જીવનમાં ચમત્કાર સર્જે એવી ૐના દિવ્ય ચૈતન્યને મારી પ્રાર્થના છે. પ.પૂ. સદ્ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં પ્રાર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

## ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન ઉપસ્થિતિમાં

# દસમો દિવ્યાંગ પતંગ મહોત્સવ

10 DIVYANG KITE Festival

પતંગ મહોત્સવનો આ કાર્યક્રમ દિવ્યાંગજનો માટે યોજાયો હતો. જેમાં ૯૦૦થી વધુ દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો. ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દરેક દિવ્યાંગને પતંગ, ફીરકી, ચશ્મા, ચિક્કીનું વિતરણ કરવામાં આવેલ. તેમજ દિવ્યાંગો માટે મેજીક શૉ અને વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવેલ. ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્વયંસેવકોએ દિવ્યાંગોને આ પ્રસંગે ડી.જે. ડાન્સ સાથે ભરપૂર આનંદ કરાવ્યો હતો. પતંગની મોજ અને ભોજનના સ્વાદ સાથે દિવ્યાંગજનોએ ખૂબ જ આનંદ માણ્યો હતો.




ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ (NGO)


















10 મો દિવ્યાંગ પતંગ









# ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મનોદિવ્યાંગ બાળકો માટે આયોજિત

# Republic Day & Sports Celebration


SADGURU OM RUSHI SWAMI

આ કાર્યક્રમ
૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મનોદિવ્યાંગ
બાળકો માટે યોજવામાં આવેલ. સૌપ્રથમ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં
આવેલ. ત્યારબાદ બાળકોને **Sports Games** રમાડવામાં આવેલ. જેમાં ૭૦ થી વધુ બાળકોએ ભાગ લીધેલ. મનોદિવ્યાંગ બાળકોને **Games** રમાડવા માટે Born Athletes Sports Academyના સ્પેશ્યલ ટીચર રાખવામાં આવેલ. બાળકોને Ball Throw, Soft Ball Throw, 50m Walk, 100m Run, Jumping જેવી રમતો રમાડવામાં આવેલ. ભાગ લેનાર દરેક બાળકોને Participation Certificate આપવામાં આવેલ અને જે બાળકો વિજેતા થયેલ તેમને મેડલથી સન્માનિત કરવામાં આવેલ. ત્યારબાદ દરેક જણ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં મનોદિવ્યાંગ બાળકોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ.












॥ ૐ નમઃ ॥
















Republic Day &
Divyang Sports Celebration




Republic Day &
Divyang Sports Celebration
OMKAR FOUNDATION TRUST




Republic Day &
Divyang Sports Celebration



Republic Day &
FOUNDATION TRUST








Republic Day &
OMKAR FOUNDATION TRUST






# અવધિ બાબા

વર્ષ હશે ૯૫-૯૬ આસપાસ. ઋતુ ગ્રીષ્મકાળ.

વડોદરા મારા માટે જરા નવું હતું. ઉત્સાહભરી રીતે અદ્યતન બનતા જતા શહેરે પશ્ચિમની ઘણી પદ્ધતિઓ અપનાવી હતી. વિશાળ રસ્તાઓ નીલગીરીના વૃક્ષોથી શોભી રહ્યા હતા. ભવ્ય સરકારી મકાનો સૌંદર્યમાં મંદિરોની શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતા. હું ગાડીમાં શહેરને જોઈ રહ્યો હતો અને આધુનિકતા મને આકર્ષી રહી હતી. હું પણ એમને મળવા જઈ રહ્યો હતો જેમના વિષે મેં ખૂબ સાંભળ્યું હતું. સમય હંમેશા તેમની જીભના ટેરવે રમતો. તેઓ હંમેશા દરેક વાતને સમયની સોય સાથે જોડતા.



અવધિ બાબા. પૃથ્વી ઉપર દરેક બાબતને માટે ઋતુ, અને દરેક પ્રયોજનને માટે વખત હોય છે. જીવવા માટે આપણે ખાવા અને ઊંઘવાનો સમય કાઢવો જ પડે છે. પરંતુ, આત્મિક જરૂરિયાતો વિષે શું? આ જ પ્રશ્નને સમજવા, જાણવા માટે મને કદાચ તેમને મળવાનો મોકો મળ્યો હતો. ઈસુએ પહાડ પરના પ્રવચનમાં કહ્યું: "પોતાની આત્મિક જરુરિયાત જાણનાર લોકોને ધન્ય છે." તેથી, "વિશ્વાસુ તથા બુદ્ધિમાન ચાકર" વારંવાર યાદ દેવડાવે છે કે, પુસ્તકોનાં વાંચન અને અભ્યાસ માટે સમય કાઢવો ખૂબ જ જરૂરી છે.

વડોદરા એટલે ગાયકવાડી નગરી. સયાજીરાવ ગાયકવાડનો પ્રભાવ સંપૂર્ણ દેખાઈ રહ્યો હતો. ભગવાન કૃષ્ણના ચંદ્રવંશી વંશજોનો પરિવાર. પાણીપતના ત્રીજા યુદ્ધથી શરૂઆત કરીને હાલના અદ્યતન વિકાસ સુધીની જર્ની રસ્તે દેખાતી હતી. અંતે, હું અવધિ બાબાને ત્યાં પહોંચ્યો. આદર સત્કાર સાથે તેમણે મને બેસાડ્યો. તેમની સાથે દસેક બીજા લોકો પણ બેઠા હતા અને અટ્ટહાસ્ય કરી રહ્યા હતા. કોઈ બાબતને લઈને તેની મજાક કરી રહ્યા હતાં. તેમની સાથે હું પણ જોડાયો. મને એવું હતું કે વાતાવરણ ગંભીર હશે, ખૂબ આધ્યાત્મિક હશે. પરંતુ, એવું કશું જ ત્યાં હતું નહીં.

ખૂબ જ હળવા મૂડ સાથે લોકો ત્યાં બેઠા હતા અને હસી રહ્યા હતા. ખબર નહીં કેમ? હશે, મેં વિચાર્યું.

અવધિ બાબાએ પૂછ્યું, " અહીં કેમ આવ્યો છે?"

ફ્રેશરની જેમ તરત જ ઉત્તર વાળ્યો, "જ્ઞાનને સમજવા."

જેમ નવો સવો ભણેલો છોકરો ઇન્ટરવ્યૂમાં જાય અને ગમે તે જવાબ આપી દે તેમ જ. પરંતુ તેનો જવાબ 'મારે નોકરી જોઈએ છે' તેની

આજુબાજુ જ ફરતો હોય છે. તેમ મારો જવાબ પણ 'મારે જ્ઞાન પામવું છે' તે જ મુખ્ય મુદ્દાની આસપાસ ફરતો હતો. પરંતુ, કંઈક ગરબડ થઈ હોય તેવું લાગ્યું. ઉંમર નાની અને કંઈક વધુ માંગી લીધું હોય, અથવા તો 'આવડો છોકરો આના માટે અહીં આવ્યો હશે?', 'આ ઉંમરે કોઈ પણ વ્યક્તિ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કેવી રીતે સક્ષમ હોઈ શકે?' એવું સમજીને દરેકે મારા તરફ અચરજભરી નજરે જોયું.

મારી ઉંમર વીસ-એકવીસ વર્ષ હશે. આવો પ્રશ્ન સાંભળીને હું રીતસરનો ડઘાઈ ગયો. થોડી વાર એવું લાગ્યું કે હું ક્યાંક ખોટો તો નથી પહોંચી ગયો ને? હું રીતસર વિસ્મય પામ્યો. આંગળીઓ ખોતરવા માંડ્યો અને હોઠ દાંત તળે દબાવ્યા. નર્વસ બની ગયો અને આજુબાજુ બેઠેલ તમામ લોકો પણ અજીબ પ્રકારનું હસવા લાગ્યા.

પરંતુ, તેવા વખતે માત્ર એક જ વ્યક્તિ થોડું હસ્યા પછી મારા તરફ જોઈ રહ્યા હતા. તેમનું કાઠું કસરતબાજ હતું. ત્યાગવૃત્તિના આત્મભોગો અને કસોટીઓથી તેમણે પોતાનું શરીર ખડતલ બનાવ્યું હતું. તેમની સ્વસ્થતા ગૌરવશીલ હતી. તેમનું નાક ઘણું પહોળું અને નમણું હતું. નાના બાળકની માફક નવરાશની ઘડીએ પોતાની આંગળીઓને ચીમળીને તેમને ફરી એકબીજા પર ચડાવવામાં આનંદ આવતો હતો. તેમની કાળી તેજસ્વી આંખોની ફરતે વાદળી રંગનું તેજવર્તુળ ચમકતું હતું. મધ્યમાં બે ભાગમાં વહેંચાઇ ગયેલા એમના વાળ કપાળ પાસે રૂપેરી હતા. નીચે ઉતરતા રૂપેરી-સોનેરી અને રૂપેરી-કાળાશ છાંટવાળા થતાં છેવટે ખભા ઉપર વાંકડિયા બની જતા હતા. એમના દાઢી મૂંછ પણ ઘણાં આછા હતા. છતાં તેમના ચહેરાને દિવ્યતા આપતા હતા. તેમના સ્વભાવની માફક એકી વખતે ઊંડા અને છીછરાં હતાં.

એમણે રંગમાં ભાગ પાડ્યો. અચાનક બધાં ચૂપ થઈ ગયા. કશુંક મારામાં ભાળી ગયા હોય તેમ તેઓ બોલ્યા, "શા માટે દોડે છે?"

"બસ, જ્ઞાનની પ્રાપ્તિ માટે." હું મારી જ્ઞાન પામવાની વાતને વળગી રહ્યો.

તેઓ ઘડીભર મારી સામે જોતા રહ્યા. તેમના હૃદયના ઊંડાણમાંથી નીકળેલું આનંદી મુક્ત હાસ્ય અતિ ઉલ્લાસી પણ હતું અને દિલોજાનીભર્યું હતું. આથી તે આખા શરીરને હલાવી મૂકતું હતું. તેમની સ્નાયુબદ્ધ આંગળીઓની માફક તેમનો ચહેરો અને આખું કાઠું સત્તાવાહી જણાતા હતા. ભૌતિક સગવડો તરફની તેમની અનાસક્તિ તે જ તેમના ઓરડાની જર્જરિત હાલતનું કારણ હતું. લાંબા ઓરડાની બહાર દીવાલોનું ભૂરું પ્લાસ્ટર હવામાનના સતત પ્રહારથી ઉખડી ગયું હતું.

ઓરડાની એકબાજુની દીવાલ પર સદી પુષ્પમાળાથી વિભૂષિત તેમના ગુરુનો ફોટો લટકતો હતો. પ્રાચીન અને અર્વાચીન વસ્તુઓનું મિશ્રણ મેં ત્યાં જોયું હતું.

કાચના મણકાઓથી શણગારેલ અને મીણબત્તીઓથી પ્રકાશમાન થતું અને અનેક

હાડીઓવાળું એક ભવ્ય ઝુમર જાળા બાઝી ગયા હોય તેવી હાલતમાં વપરાશ વગર પડી રહેલું હતું. બીજી દીવાલ પર અદ્યતન સુશોભિત કેલેન્ડર લટકી રહ્યું હતું. આખા ઓરડામાં જાણે શાંતિ અને સમતાનું સામ્રાજ્ય છવાઈ ગયું. નારિયેળીના વૃક્ષો તેમના આશ્રમની બહાર રક્ષક તરીકે ઉભાં હતા.

તેમણે ખૂબ જ પ્રસન્નતા પૂર્વક કહ્યું, "મહાશય, આપ પોતે જ જ્ઞાનના ભંડાર છો. ગુણી છો. સત્પુરુષ છો. શાને આપ જ્ઞાનની ઝાંખી માટે બહાર ફરો ? આપના ગુરુજીએ આપને જે જ્ઞાન આપ્યું છે તે જ આગળ વધારો. તમારી અંદર જે સિદ્ધિ છે, શક્તિ છે તે હું પિછાણી શકું છું."

જવાબ આગળ વધારતા તેમણે કહ્યું, “લોકો તમારી રાહ જોઈ રહ્યા છે. જેમને જરૂર છે તેઓ આપની રાહ તાકી રહ્યા છે. તમે વર્તુળ ખોજવા નીકળશો તો કદી વર્તુળ નહીં બને. તેના માટે તમારે એક સ્થળે બિરાજવું પડશે અને લોકો એ તેજ હેઠળ આકર્ષિત થઇને આપની પાસે આવશે. આ તેજ જ્ઞાનની પરમોચ્ચ વ્યવસ્થા સુધીનું થશે ત્યારે દુનિયા નમન કરશે. આપને શોધતી શોધતી આવશે. મંત્રો થકી નિવારણ માટે પાગલ બનશે. પરંતુ, તેના માટે આપ એક સ્થળે બિરાજો. મંત્રોની અંદર તે હદ સુધી આગળ વધો કે દુનિયાને પણ મંત્રશક્તિ સમજવામાં રસ પડે.”

"જ્ઞાનની શોધ માટે નીકળવા કરતાં તમારી અંદર જે સુષુપ્ત છે તેને જગાડો, કાર્યરત કરો અને સૃષ્ટિને ઉપયોગકર્તા બનાવો. મનુષ્યોના સાંસારિક પ્રશ્નોના ઉકેલો લાવો. તમારું કામ એ છે કે આપની અંદર જે પ્રગટેલું પડ્યું છે તેને દિશા આપો."


તેમના ઉત્તર સાંભળીને દિગ્મૂઢ થઈ જવાયું. તેમનામાં ખરેખર કોઈક વાત હતી. મારા આત્માની ઝાંખી જાણે તેમણે અન્ય શરીરે જ કરી હોય તેવો આભાસ થયો.

આ મુલાકાતનો તત્ત્વાર્થ હું પૂર્ણ સ્વરૂપે સમજી ગયો હતો. મને એવું લાગ્યું કે જેમ હનુમાનને શક્તિના પરિચય કરવા માટે જાંબુવાનની જરૂર પડે તેમજ ઈશ્વરે જાણી જોઈને આ સંયોગ સર્જ્યો હશે.

કુદરતની અકળ વાતો ઘણીવાર સમજવામાં આવતી નથી. પરંતુ, દરેક બાબત સાથે કોઇક ને કોઇક કારણ સંકળાયેલું હોય છે. ક્યારેક તરત તો કદીક વર્ષો બાદ પણ એ સંયોગ કેમ થયો હશે તે સમજાતું હોય છે. જીવનમાં ઘણીબધી એવી વ્યક્તિઓ મળતી હોય છે જે કદાચ તરત ગૂઢ ન લાગે, તેમની વાતો ઊંડી ન લાગે અથવા તેમના પ્રભાવનો અંદાજો ન લગાવી શકાય. પરંતુ, તેમની સલાહ, સૂચન અને સમજણનો અમુક સમય બાદ પરચો મળતો હોય છે, અનુભવ થતો હોય છે.

મારા માટે અવધિ બાબા આવી એક ચૈતન્યભરી વ્યક્તિ બની રહ્યા.

લિ. ૐ ગુરુ



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની
પાવન નિશ્રામાં

# ૐકાર મહાશિવા ઊર્જાશક્તિ સાધના



**શુભ તારીખ**

૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ - બુધવાર

**શુભ સમય**

સાંજે ૪ થી રાત્રે ૬ કલાક સુધી

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધ :** આપનું તેમજ આપના પરિવારજનોનું નામ સત્વરે નીચે આપેલા મોબાઇલ નંબર પર વોટ્સએપ કરીને નોંધાવી દેવું. જેથી વહેલા તે પહેલાના ધોરણે આપને સ્થાન આપી શકાય.

(મો) ૯૪૨૯૨૦૮૯૯૭

॥ ૐ નમઃ ॥

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૭-૦૩-૨૦૨૫ | બુધવાર | ૐ કેતુદેવ રક્ષઃ |
| ૨૨-૦૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ કમલાદેવી | ૮-૦૩-૨૦૨૫ | ગુરુવાર | ૐ ચંદ્રદેવ રક્ષઃ |
| ૨૩-૦૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ મહાલક્ષ્મીદેવી | ૯-૦૩-૨૦૨૫ | શુક્રવાર | ૐ મંગલદેવ રક્ષઃ |
| ૨૪-૦૨-૨૦૨૫ | શનિવાર | ૐ શુભાંશુલક્ષ્મી | ૧૦-૦૩-૨૦૨૫ | શનિવાર | ૐ બુધદેવ રક્ષઃ |
| ૨૫-૦૨-૨૦૨૫ | રવિવાર | ૐ શુભમ | ૧૧-૦૩-૨૦૨૫ | રવિવાર | ૐ શુક્રદેવ રક્ષઃ |
| ૨૬-૦૨-૨૦૨૫ | સોમવાર | ૐ લાભમ | ૧૨-૦૩-૨૦૨૫ | સોમવાર | ૐ સૂર્યદેવ રક્ષઃ |
| ૨૭-૦૨-૨૦૨૫ | મંગળવાર | ૐ કામાખ્યા રક્ષઃ | ૧૩-૦૩-૨૦૨૫ | મંગળવાર | ૐ ગુરુદેવ રક્ષઃ |
| ૨૮-૦૨-૨૦૨૫ | બુધવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર રક્ષઃ | ૧૪-૦૩-૨૦૨૫ | બુધવાર | ૐ શનિદેવ રક્ષઃ |
| ૧-૦૩-૨૦૨૫ | ગુરુવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી | ૧૫-૦૩-૨૦૨૫ | ગુરુવાર | ૐ શિવાય રક્ષઃ |
| ૨-૦૩-૨૦૨૫ | શુક્રવાર | ૐ ચક્રેશ્વરીદેવી | ૧૬-૦૩-૨૦૨૫ | શુક્રવાર | ૐ નવદુર્ગાદેવી રક્ષઃ |
| ૩-૦૩-૨૦૨૫ | શનિવાર | ૐ ઢુંઢુકદેવ | ૧૭-૦૩-૨૦૨૫ | શનિવાર | ૐ અંબાદેવી રક્ષઃ |
| ૪-૦૩-૨૦૨૫ | રવિવાર | ૐ ઓમેશ્વર | ૧૮-૦૩-૨૦૨૫ | રવિવાર | ૐ ક્રિષ્ણાય રક્ષઃ |
| ૫-૦૩-૨૦૨૫ | સોમવાર | ૐ ઓમકારદેવ | ૧૯-૦૩-૨૦૨૫ | સોમવાર | ૐ જગન્નાથાય રક્ષઃ |
| ૬-૦૩-૨૦૨૫ | મંગળવાર | ૐ રાહુદેવ રક્ષઃ | ૨૦-૦૩-૨૦૨૫ | મંગળવાર | ૐ ભૂમિલક્ષ્મીદેવી |



|| ૐ નમઃ ||

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ઊઁકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઊઁકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ઊઁકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ઊઁકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ઊઁકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ઊઁકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ઊઁકાર શક્તિ ચક્ર | (૬) ઊઁકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્ર: 9537220959, 9429208997**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લીલા કલરના કપડામાં મગના બે દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના કપડામાં વાલના બે દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના કપડામાં ઘઉંના બે દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના કપડામાં કઠોળના ચણાના બે દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ ગુલાબી કલરના કપડામાં કાજુના બે દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરનાં કપડામાં ચપટી રાઈ અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.



# હોળીના પવિત્ર દિવસથી ત્રણ દિવસ માટેની મનોકામના સિદ્ધ મંત્રસાધના

હોળીના પવિત્ર દિવસથી ત્રણ દિવસ સુધી કરવાની મનોકામના સિદ્ધ કરવા માટેની દિવ્ય મંત્રસાધના આપતા પહેલા એક ભક્તનો અનુભવ આપને જણાવી રહ્યો છું.

મહેન્દ્રભાઈ દેસાઈ વર્ષોથી મારી સાથે જોડાયેલા છે. મંત્ર, મંત્રશક્તિપાત તેમજ ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્ર અને મંત્રસાધનાઓ તે નિયમિત કરે છે. ૐકાર ચાલીસા પર એમની અતૂટ શ્રદ્ધા છે.

ગયા વર્ષે હોળીના આઠ દિવસ પહેલા એમણે મારી પાસે હોળીના દિવસથી કરવાની સાધના માંગી હતી. એમના અમુક સંકલ્પ અને કાર્ય પૂર્ણ થઈ રહ્યા ન હતાં. માટે એમની એવી પ્રબળ ઈચ્છા હતી કે મારા માધ્યમથી એમને હું હોળીની ઊર્જાના માધ્યમથી કોઈ સાધના આપું તો અગ્નિદેવ એમનું કામ પૂર્ણ કરે. આવું એમના મનમાં બેસી ગયું હતું.

મહેન્દ્રભાઈની આજીજીભરી વિનંતી સામે મેં એમને નીચે મુજબ સાધના કરવા માટે આપી હતી.

## સાધના કરવાની પ્રક્રિયા

હોળીના દર્શન કર્યા બાદ રાત્રે ૯ થી ૧૧ માં રૂમમાં બેસી આંખ બંધી કરી મનોકામનાનો સંકલ્પ કરવો. ત્યારબાદ નીચે આપેલ મંત્રની ૩ માળા ત્રણ દિવસ સતત કરવી.

**દિવ્ય મંત્ર : ॥ ૐ પ્રગલ્યા પ્રગલ્યા અગ્નિદેવાય મનોતા નમઃ ॥**

મહેન્દ્રભાઈએ સાધના શરૂ કરી અને લગભગ ૨૦૨૪ ની દિવાળી પહેલા એમના અટકેલા કાર્ય પરિપૂર્ણ થયા.

માટે એ જ સાધના આજે આપ સૌને પણ જણાવી છે. આ સાધનાના માધ્યમથી મહેન્દ્રભાઈને જે ફળ પ્રાપ્ત થયું એવું જ મનોકામનાપૂર્તિનું પૂર્ણફળ આપને પણ આ સાધનાના માધ્યમથી મળે એવા મારા આશીર્વાદ છે.

॥ ૐ નમઃ ॥

# માનસિક પરિસ્થિતિમાં સુધારો થયો

મને સતત આત્મહત્યા કરી લેવાનો વિચાર આવ્યા કરતો હતો. જીવનની તકલીફોથી હું હતાશ થઈ ચૂક્યો હતો. રોજ સવાર પડે ને એક નવી મુસીબત મારી રાહ જોઈને ઊભેલી જ હોય. મારે આવી દુ:ખ ભરી જિંદગી જીવવી ન હતી. એક દિવસ મારો મિત્ર સપન મને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ માટે દબાણપૂર્વક લઈ ગયો. પ.પૂ. ગુરુજીના દર્શન થતાં જ મારા મનમાં શાંતિની અનુભૂતિ થઈ.

“જો બેટા, ઈશ્વરે જીવન ઉત્તમ માણસ બનીને પસાર કરવા માટે આપ્યું છે. કસમયે મરવાનો પ્રયત્ન કરીશ તો મરીશ નહિ અને મરીશ તો જીવ અવગતિએ જશે. એના કરતાં હું તને આશીર્વાદ આપું છું કે તારા જીવનના પ્રશ્નો અને પીડાઓ દૂર થશે. મારો આપેલો મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત કર.” ગુરુજીએ મને આ રીતે સમજાવતા કહ્યું.

પ.પૂ. ગુરુજીની સૂચના પ્રમાણે ત્રણ મહિના સુધી મેં ચાલવાનું નક્કી કર્યું. જોડે એવું પણ મનોમન નક્કી કર્યું કે મારી પરિસ્થિતિ સુધરશે નહીં તો હું આત્મહત્યા કરી લઈશ. પરંતુ ચમત્કારિક રીતે પ.પૂ. ગુરુજીના મંત્ર અને ૐકાર ચાલીસાથી મારા જીવનના સંજોગો બદલાવા લાગ્યા. તકલીફો દૂર થવા લાગી. ગુરુજીના મંત્રથી જીવનમાં સકારાત્મક બદલાવ આવવા લાગ્યો. આજે ગુરુજી સાથેની મારી પ્રથમ મુલાકાતને સાત વર્ષ પૂરા થયા છે અને હું મારા જીવનથી ખુશ છું. હું જીવનમાં જે કંઈ પણ છું એ ગુરુજીના આશીર્વાદ અને ૐકાર ચાલીસાના પ્રતાપે જ છું. પ.પૂ. ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન.... ૐ નમઃ....

લી. અવિનાશ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય સદ્ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો. આપ પણ આપના જીવનમાં સકારાત્મક પરિવર્તન અવશ્ય લાવી શકશો.**

# ૐકાર ચાલીસાથી પોતાનું ઘર બન્યું

હું ૨૦૧૨થી નિયમિત રીતે ૐકાર ચાલીસાનો પાઠ કરું છું. છેલ્લા પંદર વર્ષથી મારું પોતાનું ઘર થાય એ માટે મારો સતત પ્રયત્ન હતો છતાં પણ એ શક્ય બનતું ન હતું. ૨૦૨૨માં ૧૫૦૦૦ વખત ૐકાર ચાલીસા પરિપૂર્ણ કરવાનો મેં સંકલ્પ કર્યો અને પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો.

મેં ગુરુજીને કહ્યું "હે મંત્રયોગી! મારા જીવનની એકમાત્ર ઈચ્છા મારું પોતાનું ઘર થાય એ છે તો આપ મને આપની દિવ્ય છડીથી એ આશિષ આપો કે મારું પોતાનું ઘર થઈ જાય."

ગુરુજીએ મને કહ્યું કે "તારું ઘર થઈ જશે, હું બેઠો છું."

પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ લઈ અને મેં ઘર જીવનમાં સાતમી વાર શોધવાનું શરૂ કર્યું. છ વાર તો અગાઉ નિષ્ફળતા મળી ચૂકી હતી. ઘર જોતા વાસણામાં મારા બજેટ બહારનું એક ઘર મને ગમ્યું હતું. પરમ પૂજ્ય ગુરુજીના કહેવાથી ટોકન આપી દીધું. બેંક લોન કર્યા બાદ ૨૫ લાખની રકમ ખૂટતી હતી.

ગુરુજીએ મને રાત્રે ૯ થી ૧૧ માં ત્રણ ૐકાર ચાલીસાનો પાઠ વધારે વખત કરવાની સૂચના આપી. ઘર માટે પૈસા ચૂકવવાનો હજી ત્રણ મહિનાનો સમય બાકી હતો. ત્રણ ૐકાર ચાલીસાનો પાઠ વધારે વખત કરવાનો મેં શરૂ કર્યો હતો.

આ વાતને પંદરેક દિવસ થયા હશે ને અચાનક ગુજરાત હાઈકોર્ટમાં મારા માતૃશ્રીની પૈતૃક સંપત્તિનો કેસ મારા મામા જીતી ગયા. કોઈને પણ વિશ્વાસ ના આવે એવી વાત છે. એમાં મારા માતૃશ્રીના ભાગે પચાસ લાખ રૂપિયા આવ્યા. ઘર, ફર્નિચર તો થઈ જ ગયા પરંતુ નાનું-મોટું માથા પર કર્જ હતું એ પણ ચૂકવાઈ ગયું.

વીસ વર્ષથી ચાલતા કેસનો ચૂકાદો જ્યારે ખરેખર મારે પૈસાની જરૂર પડી એ વખતે જ આવવો એ ૐકાર ચાલીસાના પ્રતાપે જ શક્ય બન્યું છે. મારા મામા તો આ ચૂકાદો જ્યારે એમના ફેવરમાં આવ્યો ત્યારે ખુશીથી કોર્ટમાં બેહોશ થઈ ગયા હતા. મારા મામાએ જ્યારે મારી પાસેથી જાણ્યું ત્યારે એમણે કીધું કે કલ્પેશ આ ચમત્કાર જ છે.પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત......

લી. કલ્પેશ શાહ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો. આપ પણ આપના કોઇપણ પ્રશ્નના સમાધાન મેળવી શકશો. ૐકાર ચાલીસાની પુસ્તિકા આપ ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત કરી શકો છો. પુસ્તિકા મંગાવવા માટે (મો) ૯૪૨૯૨૦૮૯૯૭ પર સંપર્ક કરીને મેળવી શકો છો.**

## પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ ફળ્યા

પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય આશિષ, મંત્રશક્તિપાત અને ૐકાર ચાલીસાની કૃપાથી મારા જીવનમાં ખૂબ જ ઉત્તમ પરિણામો મને મળ્યા છે.

પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ થકી જ મને મારા ડૉક્ટરી સેવાકાર્ય બદલ સન્માનિત કરવામાં આવેલ છે. પરમ પૂજ્ય ગુરુજીની દિવ્ય કૃપા અને આશીર્વાદ મારા પર રહે એવી પ્રાર્થના હું મનોમન કરું છું. સદ્ગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. ડૉ. મયુર વાઘેલા (રાજકોટ)








## આકસ્મિક ધનલાભ મહાપૂજનથી ચમત્કાર થયો

હું પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં યોજાયેલ આકસ્મિક ધનલાભ મહાપૂજનમાં બેઠો હતો. હું ઈન્સ્યોરન્સ એજન્ટ તરીકે કામ કરું છું. પરંતુ છેલ્લા બે વર્ષથી કામ નબળું ચાલતું હતું. હું એવા સંકલ્પ સાથે આ મહાપૂજનમાં બેઠો હતો કે મને મોટા ક્લાયન્ટ મળી જાય અને મારું કામ સ્પીડમાં ચાલવા લાગે.

પરમ પૂજ્ય ગુરુજીની સૂચના પ્રમાણે મેં એક નંબર યંત્રમાંથી લઈ મારા મોબાઈલની સ્ક્રીન પર રાખ્યો હતો અને એને ત્રણ વખત દિવસમાં જોતો હતો. મહાપૂજન થયાના દસ દિવસ પછી હોસ્પિટલમાં કામ કરતા વિજયભાઈ કરીને એક ભાઈનો મને પરિચય થયો. ઈન્સ્યોરન્સનું એ જે કામ લઈને આવ્યા હતાં એ કામ મેં પતાવી આપ્યું. ખબર નહીં પરંતુ એમના મનમાં મારા માટે સકારાત્મક ભાવ ઊભો થયો અને એમણે મને હોસ્પિટલના ત્રણ ડૉક્ટરો જોડે મીટીંગ કરાવી. ત્રણે ડૉક્ટરોએ મને ઈન્સ્યોરન્સ અને મ્યુચ્યુઅલ ફંડનું મોટું કામ આપ્યું.

૨૦૨૪-૨૫ના ફાઈનાન્સીયલ યરનું મારું ટાર્ગેટ એ ત્રણ ડૉક્ટરોના માધ્યમથી પરિપૂર્ણ થયું. જે અશક્ય હતું એ શક્ય બન્યું અને એનો બધો શ્રેય આકસ્મિક ધનલાભ મહાપૂજનને અને ગુરુજીને હું આપું છું. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં લાખોવાર પ્રણામ...

લી. દિનેશભાઈ પ્રજાપતિ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ યોજાનાર ૐકાર મહાશિવા ઊર્જા શક્તિ સાધના તેમજ ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાપૂજન(એડવાન્સ) આ બંન્ને સાધનાઓના સમન્વયમાં અવશ્ય જોડાઓ.**

## મારું મકાન વેચાઇ ગયું

વર્ષોથી બાપ-દાદાનું મારા ભાગમાં આવેલું મકાન વેચાતું ન હતું. મકાન મારા ગામમાં ખૂબ મોટું હતું. પરંતુ એમાં ભૂત-પ્રેતનો વાસ હોવાની લોકવાયકા ફેલાઈ ગઈ હતી. મકાનની કિંમત સારી હોવા છતાં પણ લોકો ખરીદતા ગભરાતા હતા. પ.પૂ. ગુરુજીએ મકાન વેચવા માટે મને એક સટિક પ્રયોગ કરી આપ્યો. પ.પૂ. ગુરુજી દ્વારા સિદ્ધ કરેલ વસ્તુ મેં મારા ગામના મકાનમાં મુકી દીધી.

આ વાતને લગભગ ચાર મહિના થયા હશે અને અમારા ગામના સરપંચને એ મકાન ખરીદવું જ પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ, કારણકે એમણે મકાનની આજુબાજુની બધી જ જગ્યા ખરીદી લીધી હતી અને મકાન ખરીદવું એમના માટે ફરજિયાત બની ગયું હતું.

સરપંચે મને કમને મકાનમાં પૂજાવિધિ કરાવડાવીને મકાન ખરીદી લીધું અને મારી ધારણા કરતા મને પાંચ લાખ રૂપિયા વધારે મળ્યા. પ.પૂ. ગુરુજીના દિવ્ય આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે. ગુરુજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત...

લી. અલ્પેશ મહેતા (રાજકોટ)

**આપ પણ આપના જીવનમાં આવા કોઇ પ્રશ્નથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીનો ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પર સંપર્ક કરવો. (મો) ૯૪૨૯૨૦૮૯૯૭**



# ૐકાર ધ્યાન ભાગ - ૨

ૐકાર ધ્યાન ભાગ-૨ આજે આપને શીખવાડવા જઈ રહ્યો છું. ૐકાર ધ્યાન ભાગ-૧ આપ સૌ ભક્તજનોએ કરવાનું શરૂ કરી દીધું જ હશે. ૐકાર ધ્યાન ભાગ-૨ એ તમારા સહસ્ત્રારચક્રની ઊર્જાને તમારી પૂર્ણ આભાની અંદર પ્રસરાવે અને તમારા મનની અંદરની ધ્યાન માટેની જે તીવ્ર તેજોમય ઊર્જાશક્તિ હોય, ઈચ્છાવૃત્તિ હોય એને વધારે ને વધારે પ્રજ્વલિત કરે તે માટે સહસ્ત્રારચક્રને સક્રિય કરવું ખૂબ જ જરૂરી છે. જો સહસ્ત્રારચક્ર સક્રિય હશે તો તમે પોતે ધ્યાનની અંદર પૂર્ણ રીતે મગ્ન રહી શકશો.

આ જીવનની અંદર જ્યારે ધ્યાન અને મંત્રનો સમન્વય તમે કળિયુગમાં કરો અને એમાં પણ સહસ્ત્રારચક્રની ઊર્જાને જો તમે પ્રજ્વલિત કરો તો તમે જે પણ કાર્ય કરતા હોય એ કાર્યની ઊર્જા અને તમારી ઊર્જાનો જે સમન્વય થાય એનાથી તમને ખૂબ જ ફાયદો થાય. ચાહે આધ્યાત્મિક રીતે આગળ વધવાની પ્રક્રિયાનું કાર્ય હોય કે આપના ભૌતિક જીવનના ચાલતા કાર્યની પ્રગતિ અને વિકાસનું કાર્ય હોય, આ બધાં માટે સહસ્ત્રારચક્રની ઊર્જા અને ખાસ કરીને એમાં પણ ઉત્પન્ન થતી ત્રતા ઊર્જા જે ભાગ-૧ ની અંદર હું આપને જણાવી ચૂક્યો છું એ આજે માત્ર સહસ્ત્રારચક્રમાં ઉત્પન્ન થતી ત્રતા ઊર્જા તમારા આધ્યાત્મિક વિકાસને સરળતાથી આગળ વધારે તેમજ તમારા ભૌતિક કાર્યોને આગળ વધારવામાં સહાયક બને.

તમે તમારી ઈચ્છાશક્તિને પ્રબળ કરી શકો અને યુનિવર્સની એક્સ્ટ્રીમ પાવન ઊર્જાને ત્રતા ઊર્જા સાથે સંમેલિત કરી અને તમે તમારા જીવનમાં આગળ વધી શકો. તો હવે આપણે ૐકાર ધ્યાન ભાગ-૨ ની પ્રક્રિયા શરૂ કરીએ છીએ.

## ૐકાર ધ્યાન-૨ પ્રક્રિયાની સમજૂતી

(૧) સૌપ્રથમ ૐકાર ધ્યાન ભાગ-૨ માં તમારે કોઈપણ એક જગ્યાએ બેસીને આંખ બંધ કરવાની છે. તમે સોફા પર, પલંગ પર, ખુરશીમાં અને આસન લઈને જમીન ઉપર પણ બેસી શકો છો.

(૨) હવે ॥ ૐ નમઃ ॥ પાંચ વખત બોલવાનું છે.

(૩) આટલું કર્યા બાદ તમારે સહસ્ત્રારચક્ર પર તમારું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ત્યારબાદ ॥ ૐ સહસ્ત્રાય નમઃ ॥ ત્રણ વખત બોલવાનું છે.

(૪) હવે આંખ બંધ, ધ્યાનસ્થ અવસ્થામાં સહસ્ત્રારચક્ર પર પાંચ મિનિટ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. પાંચ મિનિટ દરમ્યાન વાદળી કલર, લીલો કલર અને ઓરેન્જ કલર વારાફરતી વારાફરતી તમારા સહસ્ત્રારચક્રની આસપાસ ફરતો હોય એવું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

આ ત્રણ કલર પર તમે ધ્યાન કેન્દ્રિત કરશો એટલે તમારી ઓરાની અંદર એ કલર એ રંગોને ધીરે-ધીરે તમારી ઈચ્છાશક્તિથી ઉત્પન્ન કરશે અને ત્યારબાદ તમારી અંદર ત્રતા ઊર્જાની જે શક્તિ તમારા સહસ્ત્રારચક્રમાં ઉત્પન્ન થશે તે તમને તમારા કોઈપણ કાર્યને આગળ વધારવામાં સહાયક બનશે.

આ પ્રક્રિયા તમારે શારીરિક માનસિક પ્રોબ્લેમ હોય તો પણ તમે આ ધ્યાન આસનને કરી શકો છો. આત્મસાક્ષાત્કાર માટે ધીરે-ધીરે તમારી અંદરની આત્માની શક્તિઓ જાગૃત થાય તેના માટે તો તમે કરી જ શકો છો પરંતુ આના માટે પણ તમારે પાંચ મિનિટ સુધી ધ્યાન કરવાનું છે.

આ ત્રણ કલરને આપ દેખો એવો આભાસ અનુભૂતિ કરવાની છે. હું એટલા માટે તમને કહી રહ્યો છું કે તમે જે ઈચ્છશો એ કલર તમારી ત્રતા ઊર્જા તમારી ઓરામાં એ કલરને ફેરવશે ત્યારે તમારી જ ત્રતા ઊર્જા એટલી શક્તિમાન બનશે કે તમારું કાર્ય પરિપૂર્ણતા સાથે સિદ્ધ થશે. માટે કોઈપણ કાર્ય માટે ૐકાર ધ્યાન ભાગ-૨ નિયમિત રીતે કરવાની ટેવ પાડવાની. આ ધ્યાન આસન બે મહિના સુધી ફરજિયાત કરવાની છે.

ૐકાર ધ્યાન-૧ ત્રીસ દિવસ સુધી કરી લીધું હોય એ પછી ૐકાર ધ્યાન-૨ શરૂ કરવું.

હવે આવતા અંકમાં હું આપને ૐકાર ધ્યાન ભાગ-૩ વિશે સમજૂતી આપીશ.

ૐકારના દિવ્ય ચૈતન્ય અને આશીર્વાદ આપના પર રહે અને આપ ધ્યાનમાં ખૂબ ઊંડા જઈ શકો, આત્મસાક્ષાત્કારની દિશામાં આગળ વધી શકો, આપ ઈન્દ્રલોક અને મોક્ષ તરફ પ્રયાણ કરી શકો એવા મારા આપને શુભ આશિષ છે.

॥ ૐ નમઃ... ૐ નમઃ..... ૐ નમઃ.... ॥

## જાહેર આમંત્રણ

# "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન



**શુભ તારીખ**

**૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ - બુધવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com

E-mail ID :info@sadguruomrushi.org

Website : www.sadguruomrushi.org



**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**